પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૭૭ | ૨૭ મે, ૨૦૧૮, રવિવાર ; અ. જેઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આઈએસઆઈના પૂર્વ ચીફને સમન્સ

પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના પૂર્વ ચીફ અસદ દુર્રાનીએ ભારતીય એજન્સી રૉ ના પૂર્વ પ્રમુખ એ.એસ. દુલતાની સાથે મળીને એક પુસ્તક લખ્યુ છે. આ પુસ્તક ધ સ્પાઈ ક્રોનિકલ્સ રૉ આઈએસઆઈ એન્ડ ઈલ્યુઝન ઓફ પીસના લેખન બદલ પાકિસ્તાની આર્મીએ અસદ દુર્રાનીને સમન્સ પાઠવ્યુ છે.

### ખંડણી મામલે અબુ સાલેમ દોષી



૧૯૯૩ મુંબઈ બોમ્બ ધડાકાઓના આરોપી અન્ડરવર્લ્ડ ડોન અબુ સાલેમને દિલ્હી પટીયાલા હાઉસ કોર્ટે ૨૦૦૨ના એક ખંડણી કેસમાં દોષીત ઠરાવ્યો છે.

### તેજસ્વી યાદવે કવિતા લખી

બિહારના પૂર્વ ઉપ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે નરેન્દ્ર મોદી સરકારના ચાર વર્ષ પૂર્ણ થતા કવિતા લખી છે. મોદી સરકારની નિષ્ફળતાઓ પર કટાક્ષ કરતી આ કવિતા ટ્વીટર પર મુકવામાં આવી છે.

### નોટબંધી બેંકોના કારણે નિષ્ફળ : નીતિશકુમાર

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યું છે કે નોટબંધીનું તેઓએ સમર્થન કર્યુ હતુ પરંતુ બેંકોએ તેને નિષ્ફળ બનાવી હતી. બેંકરો તે માટે જવાબદાર છે.

# કન્ફયુઝન નહીં કમિટમેન્ટવાળી સરકાર : મોદી

## અમે કઠોર નિર્ણય લેતા ડરતા નથી એટલે હોવાથી સાહસી નિર્ણયો : જનપથથી નહીં જનમતથી સરકાર ચાલે છે : ભ્રષ્ટાચારી પોતાને બચાવવા એક મંચ પર આવ્યા : પ્રજા બધુ જુએ છે : મોદી



કટક, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમની સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઓરિસ્સાના કટકમાં રિપોર્ટ કાર્ડ રજુ કરીને પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે જનપથથી નહીં બલ્કે જનમતથી સરકાર ચલાવી રહ્યા છે. મોદીએ પોતાની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે આજે એકબીજાના દુશ્મન પણ પોતાને બચાવવાના હેતુસર એકબીજાની નજીક આવી ગયા છે. મોદીએ ઉમેર્યું હતું કે જનતાની અપેક્ષાઓ એજ વખતે સ્પષ્ટ થઈ ગઈ હતી જ્યારે જનતાએ ૩૦ વર્ષ બાદ પૂર્ણ બહુમતીવાળી સરકાર બનાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે અમે કઠોર નિર્ણય લેવાથી ડરતા નથી. મોટા નિર્ણય કરવાથી ચૂકતા પણ નથી. દેશમાં જ્યારે કન્ફયુઝન નહીં કમિટમેન્ટવાળી સરકાર હોય છે ત્યારે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવે છે. ત્યારે જ વન રેન્ક વન પેન્શનને મંજુરી મળે છે. ત્યારે જ દશોકથી અટકેલા બેનામી સંપત્તિ કાયદા પસાર થાય છે. દુશ્મનોની સંપત્તિ જપ્ત કરવાવાળા કાનૂન

● અનુસંધાન પાન-૭ પર

# મોદી સરકાર ચાર વર્ષમાં અનેક મોરચે નિષ્ફળ

### મોદી સરકારને રાહુલ ગાંધીએ ગ્રેડ 'એફ' આપ્યો : નવી નારેબાજી ઘડી કાઢવા અને સેલ્ફ પ્રમોશન માટે મોદી સરકારને રાહુલે આપેલો એ પ્લસ ગ્રેડ : સરકારની ટીકા



નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્રની મોદી સરકારના સત્તામાં ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મોદી સરકારે આજે પોતાના રિપોર્ટ કાર્ડ રજુ કર્યા હતા. બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ સરકારના ચાર વર્ષના કાર્યકાળને અનેક મોરચાઓ પર નિષ્ફળ તરીકે ગણાવીને તેની ટીકા કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વડાપ્રધાન મોદી અને સરકારની અનેક મામલાઓ પર ગ્રેડીંગ પણ કરવામાં આવી છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ટ્વીટર ઉપર ગ્રેડીંગ આપતા કહ્યું છે કે સરકારના રિપોર્ટ કાર્ડ અનેક મોરચા ઉપર લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ છે. રાહુલે કહ્યું હતું કે કૃષિ, વિદેશ નીતિ, ફયુઅલની કિંમતો, નોકરીની તકો ઉભી કરવા જેવા મુદ્દા પર મોદી સરકારને એફ ગ્રેડ આપી શકાય છે. રાહુલ એમ પણ કહ્યું હતું કે મોદી સરકારને નવા નવા નારાબાજી કરવા અને સેલ્ફ પ્રમોશનમાં એ પ્લસ ગ્રેસ મળી શકે છે.

# ઘુસણખોરીના પ્રયાસમાં ૫ ત્રાસવાદી ઠાર

**સરહદ પાર હજુ પણ મોટા પાયે ત્રાસવાદી સક્રિય :ભારત સરકાર દ્વારા રમજાન મહિનામાં યુદ્ધવિરામ જાહેર કરાયા બાદ ત્રાસવાદી ગતિવિધીમાં એકાએક વધારો થયો**



શ્રીનગર,તા. ૨૬

જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા પાર કરીને ભારતમાં ઘુસણખોરીના પ્રયાસમાં પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. ફુંકાયેલા ત્રાસવાદીઓ પૈકી તમામ ખતરનાક ત્રાસવાદીઓ હતા અને હથિયારોની ટ્રેનિંગ મેળવીને આવ્યા હતા. તેમના કાશ્મીરમાં આતંક મચાવવાના ઈરાદા હતા. ઘુસણખોરીના પ્રયાસને ત્રાસવાદીઓએ ફરી એકવાર નિષ્ફળ બનાવી દીધો છે. આજે સવારે તંગધાર સેક્ટરમાં ભારતીય સરહદમાં ઘુસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સેના દ્વારા હાલમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યુ છે. ભારત સરકાર દ્વારા રમજાનના મહિનામાં કાશ્મીરમાં યુદ્ધવિરામના નિર્ણય બાદ ત્રાસવાદી ગતિવિધીમાં એકાએક વધારો થયો છે. જો કે સુરક્ષા દળો તેમના ઈરાદાને નિષ્ફળ કરી રહ્યા છે. શુક્રવારના દિવસે રામબાન જિલ્લામાં ત્રાસવાદીઓના એક અડ્ડાને ફુંકી મારવામાં સફળતા હાથ લાગી હતી. ઠાર થયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો

● અનુસંધાન પાન-૭ પર




# આજે મુંબઈ ખાતે આઈપીએલનો ફાઈનલ જંગ

**ચેન્નાઇ અને હૈદરાબાદની વચ્ચે ફાઇટ ટુ ફિનિશને લઇને રોમાંચ : પ્રથમ ક્વાલિફાયરમાં ચેન્નાઇની સામે હારી ગયા બાદ હવે બદલો લેવા માટે હૈદરાબાદની ટીમ સજ્જ : ધોની, વિલિયમસન, ધવન ઉપર તમામની નજર**

મુંબઈ, તા. ૨૬

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે આવતીકાલે ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૧ની હાઈ પ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ફાઈનલ મેચ રમાનાર છે. આ મેચને લઈને મુંબઈ અને દેશભરમાં ભારે ઉત્સુકતા દેખાઈ રહી છે. પ્રથમ ક્વાલિફાયર મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સની સામે હારી ગયા બાદ હવે ફાઈનલમાં બદલો લેવા માટે સનરાઈઝ હૈદરાબાદની ટીમ સજ્જ દેખાઈ રહી છે. ચેન્નાઈના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની અને સનરાઈઝ હૈદરાબાદના કેપ્ટન કેન વિલિયમસનની કેપ્ટનશીપની પણ કસોટી થનાર છે. બંને ટીમોમાંથી કોણ જીતશે તેને લઈને કોઈ પણ ચાહક કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. લીગ તબક્કામાં ચેન્નાઈ સુપર કિંગ્સે સનરાઈઝ પર બધી મેચમાં જીત મેળવી હતી. જેથી તે હોટફેવરીટ તરીકે મેદાનમાં ઉતરનાર છે. જો કે ચેન્નાઈની ટીમમાં અનેક સ્ટાર ખેલાડી રહેલા છે તે જોતા તેની પાસેથી વધારે આશા રહેલી છે. મેચનુ પ્રસારણ આવતીકાલે સાત વાગ્યાથી કરવામાં આવનાર છે. યજમાન મુંબઈની ટીમ ક્વાલિફાઈંગ કરવામાં નિષ્ફળ રહી છે પરંતુ મુંબઈના ચાહકોમાં અને દેશના ચાહકોમાં કોઈ હતાશા નથી. બે ટોપ ટીમો વચ્ચે જોરદાર ફાઈટ ટુ ફિનિશ જંગ ખેલાય તેવી શક્યતા છે. મેચને લઈને ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. મેચનુ પ્રસારણ આવતીકાલે સાત વાગ્યાથી કરવામાં આવનાર છે. કેન વિલિયમસનના નેતૃત્વમાં સનરાઈઝ હૈદરાબાદની ટીમે જોરદાર દેખાવ કરીને તમામને ચોંકાવી દીધા છે. કેપ્ટન વિલિયમસન ઉપરાંત શિખર ધવન શાનદાર ફોર્મમાં રહ્યા છે. તેમના પર આવતીકાલે પણ મુખ્ય આધાર રહેશે. તેના લીગ તબક્કામાંથી ૧૮ પોઈન્ટ હતા.

● અનુસંધાન પાન-૭ પર










